જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૧/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪૬ કેસ કરી ૧૪૨ વ્યક્તિઓને ઝડપી ૫૨ લીટર દેશી દારૂ, ૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯,૫૬૭/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૨/૧૬**

**શાહીબાગઃ** નંદાબહેન બચુભાઇ દાતણીયા (રહે. માકુભાઇના છાપરા ગીરધરનગર શાહીબાગ) તા.૧/૧/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી રૂપા (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩/૧૬**

**ચાંદખેડાઃ** ગોરીબહેન મહેન્દ્રભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૩) (રહે.માન સરોવર ટાઉનશીપ ચાંદખેડા) એ પોતાના પુત્રને ગંભીર પ્રકારની બિમારી હોઈ મનમાં લાગી આવતા તા.૧/૧/૧૬ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

**મેઘાણીનગરઃ** રાકેશભાઈ રામકિશન સિકરવાર (રહે.બાલેસ્ટરની ચાલી સુગરનગર રામેશ્વર મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.૨૫/૧૨/૧૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે મફલર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તા.૧/૧/૧૬ કલાક ૩/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સાગરભાઈ હરીભાઈ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૧૪/૧૬**

| | |
|---|---|
| **સાબરમતીઃ** મિત્તલબહેન ગણપતસિહ રાઠોડ (ઉ.વ.૧૫)(રહે.સ્લમ ક્વાર્ટર્સ ત્રણ માળીયા જવાહરનગર કાળીગામ સાબરમતી) તા.૧૮/૧૨/૧૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સ્કુલનો યુનિફોર્મ પહેર્યો છે ( લાલ-કાળા રંગની લીટીવાળો શર્ટ અને બિસ્કીટ રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **સાબરમતીઃ** હેતલબહેન પુનમભાઈ ચાવડા (ઉ.વ.૧૯)(રહે.ચંદ્રભાગાની ચાલી મ્યુ.સ્કુલ પાસે જવાહર ચોક સાબરમતી) તા.૨૧/૧૨/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કામે જવાનુ કહી નિકળ્યાબાદ પરત ફર્યા નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગનુ ટોપ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે તેમજ લાલ રંગનુ સ્વેટર પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૧૦ ઈંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૮૮૧૯) |  |
| **ચાંદખેડાઃ** પ્રવિણાબહેન નાગરભાઈ પરમાર (ઉ.વ.૩૨) (રહે.ગાયત્રીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) તા.૬/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. બરડાના ભાગે જુના ગુમદાનુ નિશાન છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **ખોખરાઃ** સોનલબહેન ભુપેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૬)(રહે.જીવન રચના એપાર્ટમેન્ટ મ્યુ સ્નાનાગર સામે ખોખરા) તા.૨૩/૧૨/૧૫ બપોરના ૨/30 વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. પીળા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **ખોખરાઃ** કનકકુમાર સુર્યકાંતભાઈ પટેલ (ઉ.વ.૩૪)(રહે.હરીપુરા ધીરજ હાઉસીંગ સેવન્ડે સ્કુલની પાછળ ખોખરા) તા.૭/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો ચોકડીવાળો શર્ટ અને એસ રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **વેજલપુરઃ** ગોપાલભાઈ કનૈયાલાલ બિજવા (ઉ.વ.૩૯)(રહે.મિતરાજ શોપીંગ સેન્ટ ટી.પી કોલેજ રોડ પાલડી) તા.૨૫/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાસોરાઈનગર વાસણાથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સીલેટીયા રંગનુ શર્ટ અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. માનસીક રીતે અસ્થિર મગજના છે. ડાબા પગે ઓપરેશનનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **નરોડાઃ** ઉજાસભાઈ ઉર્ફે રીક્કી દિપકકુમાર પંડ્યા (ઉ.વ.૨૮) (રહે. હરીહર સોસાયટી લેઉવા પટેલની વાડી પાસે નરોડા) તા.૨૪/૧૨/૧૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ લીટીવાળુ શર્ટ અને વાદળી રંગનુ જેકેટ પહેર્યુ છે. નંબરના ચશ્મા પહેરે છે. ઉંચાઈ ૫ ફુટ ૮ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)